સંક્ષિપ્ત સમાચાર

કુકરમુંડાના પાણીબારામાં કાચું ઘર ધરાશાયી થતાં ઘરવખરીને નુકસાન

વ્યારાઃ કુકરમુંડાના મેઢપુર ગ્રામ પંચાયતના પાણીબારા ગામે મોડી રાત્રિએ ડુરસિંગ ફુતયોભાઈ વલવીનું કાચું ઘર ધરાશાયી થઈ ગયું હતું. સમયસૂચકતા વાપરી પરિવારજનો રાત્રે ઘર છોડીને બહાર નીકળી ગયા હતા. જેથી તેમનો જીવ બચી ગયો હતો. ઘરમાં રહેલું અનાજ, કપડાં, વાસણો તેમજ દાંડી, થાંબલી, સિમેન્ટનાં પતરા સહિત ઘરવખરીની સામગ્રી ધ્વસ્ત થઈ ગઈ હતી, જેથી મોટું આર્થિક નુકસાન થયું છે. ઘટનાની જાણ થતાં ગ્રામ પંચાયતના સભ્યો તથા ગામના આગેવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તંત્રના અધિકારીઓએ પણ પરિવારની મુલાકાત લીધી અને આવાસ યોજના અંતર્ગત તાત્કાલિક સહાયરૂપ થવા માટે સરવે હાથ ધરવાની કામગીરી શરૂ કરી છે.

વાંકલ ગ્રામ પંચાયતમાં ઉપસરપંચ પદે શૈલેષ મૈસુરીયાની બિનહરીફ વરણી

વિનોદ મૈસુરીયા

વાંકલઃ સરદાર ભવન શોપિંગ સેન્ટર, વાંકલમાં મિટિંગમાં તલાટી કમ મંત્રીએ ઉપ સરપંચ પદના ઉમેદવાર માટેના નામની જાહેરાતમાં ફક્ત શૈલેષ કુમાર બાલુભાઈ મૈસુરીયાના નામનું ફોર્મ ભરાયું હોવાનું જણાવ્યું હતું. તેમની સામે કોઈ એ ઉમેદવારી પત્રક ભર્યું ના હતું. તેથી શૈલેષ મૈસુરીયાને બિનહરીફ ઉમેદવાર જાહેર કરાયા હતા. આ અવસરે ગામના આગેવાન નૌશિર ભાઈ પારડીવાળા, માંગરોળ વિધાનસભાના દીપકભાઈ વસાવા, તાલુકા પંચાયતના સદસ્ય યુવરાજસિંહ સોનારીયા, તૃપ્તિબેન મૈસુરીયા, ગ્રામપંચાયત નવા ચૂંટાયેલા સભ્યો, મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

કુકરમુંડાના આશ્રવામાં પતિ, સસરા, સાસુ સહિત ચાર વિરુદ્ધ દહેજ-ત્રાસની ફરિયાદ

વ્યારાઃ કુકરમુંડાનાં આશ્રવા ગામે નિતીનભાઈ માણેકભાઈ પટેલની પુત્રી અને મનિષ અંબાલાલ પાટીલની પત્ની હર્ષાબેન ઉર્ફે યામીનીબેન પાટીલ (ઉ.વ.૨૯)ને સાસરીમાં તેનો પતિ મનિષ પાટીલ, સસરા અંબાલાલ પાટીલ, સાસુ રંજનાબેન પાટીલ તેમજ મામા સસરા અરૂણ પાટીલ (તમામ રહે., મલોની ગામ, મુરલી મનોહર કોલોની, શાહદા, જિ. નંદુરબાર, મહારાષ્ટ્ર) તેની પાસેથી ૨૦ તોલા સોનું અને ૭૫ લાખ રોકડા દહેજની માંગણી કરી હતી. દહેજ નહીં આપે તો, તેના પાંચ માસનું ગર્ભ પડાવવા જબરદસ્તી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હતા. આ તમામ હર્ષાબેન ઉર્ફે યામીનીબેન પાટીલને માર મારી ગાળો આપી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. જેને લઈ મનિષ અંબાલાલ પાટીલ, અંબાલાલ સદાશિવ પાટીલ, રંજનાબેન અંબાલાલ પાટીલ, અરૂણ શિવદાસ પાટીલ(તમામ રહે. મલોની ગામ, મુરલી મનોહર કોલોની શાહદા તા.શાહદા જી. નંદુરબાર, મહા.) વિરુદ્ધ ફરિયાદ કરતાં વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

વ્યારા-ઉનાઇ રોડ પર અંબિકા નદીમાં ઝંપલાવનાર યુવતી હજુ લાપતા

વ્યારાઃ ડોલવણનાં પાટી ગામે મીશન ફળિયામાં રહેતાં મનુભાઇ ગમનભાઇ પટેલની દીકરી ઝીનલબેન મનુભાઈ પટેલ (ઉ.વ.૧૬, રહે., મિશન ફળિયું, પાટી, ડોલવણ, જિ.તાપી) મંગળવારે સવારે કોઇ અગમ્ય કારણસર વ્યારા- ઉનાઇ હાઇવે રોડ પર અંબિકા નદીના બ્રિજ ઉપરથી નીચે પાણીમાં કૂદી ગઇ હતી, જે હજુ લાપતા છે.

કીમ મૂળદ નજીકથી અજાણ્યા યુવકની લાશ મળી

કીમઃ ઓલપાડના કીમ નજીક મુળદ ગામની હદમાં તપોવન સ્કૂલથી કુડસદ ગામ તરફ જતા માર્ગની બાજુએ એક અજાણ્યા પુરુષનો મૃત દેહ મળી આવ્યો હતો. ઘટના અંગે જાણ કીમ પોલીસને કરવામાં આવી હતી. મૃતકની ઉમર અંદાજે ૩૫ થી ૪૦ વર્ષ જેટલી જણાય આવે છે. હાલ મોતનું કારણ જાણવા મળ્યું નથી. પોલીસે મૃતકની ઓળખની દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

સાંબા ખાતે બાઈક સામસામે અથડાતાં એકનું મોત

અનાવલઃ મહુવા તાલુકાના સાંબા ગામે નિશાળ ફળિયા ખાતે સાંબા હનુમાન ફળિયાના ગમનભાઇ સલવાભાઈ પોતાની મોટરસાયકલ (નં. GJ 19 L 5087) લઈને પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન સામેથી સાંબાના જ રિગ્નેશ પટેલ બાઈક (નં.GJ 19 AK 4501) પર પૂરઝડપે આવી ગમનભાઇની બાઈકને અડફેટે લેતાં સર્જાયેલા અકસ્માતમાં ગમનભાઇને ગંભીર ઇજાઓ થતાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

અંકલેશ્વરનાં મારામારીના ગુનાનો ફરાર આરોપીની પુણેથી ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઇ.ડી.સી.પોલીસમથકના મારામારીના બે ગુનામાં સંડોવાયેલ આરોપી ધર્મેન્દ્રકુમાર ઉર્ફે સુલી રમેશચંદ્ર પ્રજાપતિ મહારાષ્ટ્રના પુને જિલ્લાના ભોસરી શહેરમાં લાંડકે નગરની બ્રાઇટ ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં નોકરી કરે છે હોવાની બાતમી મળતા ભરૂચ એલસીબી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

છેતરપિંડી અને દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણાઃ સુરત જિલ્લા એલસીબીની ટીમે ભાવનગર જિલ્લાના વેરાવદર ભાલ પોલીસ મથકમાં નોધાયેલા દારૂના ગુનામાં અને કામરેજ પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડીના ગુનાના વોન્ટેડ આરોપી ઊર્મિત લાભુભાઈ કથીરિયા (રહે ગોકુળપાર્ક સોસાયટી, ઉતરાણ, સુરત, મૂળ રહે નંઘણવદર, તા. પાલિતાણા, જી ભાવનગર) ની કામરેજ નજીક આવેલ જલારામ હોટલમાંથી પકડી પાડ્યો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

62 વર્ષ જૂના ઉકાઈના હિંદુસ્તાન બ્રિજના સ્પાનમાં વધુ વાઈબ્રેશન જણાતા ભારે વાહનો માટે બંધ

ગડરમાં આવતી બેરિંગ તથા સ્પાન વચ્ચે આવતા જોઇન્ટને નુકસાન

બે મહિના મરામતની કામગીરી ચાલશે, ઔદ્યોગિક વાહનો લાંબા ફેરા સાથે રૂ.2 હજારનો વધુ ખર્ચ પડશે

વ્યારાઃ ઉકાઇ ડેમ નિર્માણ સમય સોનગઢ- ઉકાઈ- શેરૂલ્લા રોડ ઉપર ૧૯૬૩માં તાપી નદી ઉપર બનાવેલા હિંદુસ્તાન બ્રિજની સોમવારે પેટા કચેરીથી ડિઝાઈન સર્કલ ગાંધીનગરના અધિકારી સાથે જોઇન્ટ વિઝિટ કરતાં બ્રિજ ઉપરથી ભારે વાહન પસાર થાય ત્યારે બ્રિજના સ્પાનમાં વધુ પ્રમાણમાં વાઇબ્રેશન જોવા મળ્યું હતું. બ્રિજને કન્સ્ટ્રકશન થયાને ૬૨ વર્ષ જેટલો સમય થયો હોવાથી બ્રિજ ગડરમાં આવતી બેરિંગ તથા સ્પાન વચ્ચે આવતા જોઇન્ટને નુકસાન થયું હોવાનુ જણાયું છે. બ્રિજનું ડિટેઇલ ઇન્વેસ્ટિગેશન કરાવી જરૂરી મરામતની કામગીરી પૂર્ણ કરાવવા ૯૦ દિવસની જરૂરિયાત બતાવી છે.

જોકે, આ બ્રિજ બંધ થતાં સેંકડો ભારે વાહનચાલકોએ રોજના એક ફેરામાં ટોલટેક્સ, ડીઝલ ખર્ચ સહિતનો વધુ ૨૦૦૦નો બોજો પડશે.

જોકે, આ બ્રિજ મહત્ત્વનો ટૂંકો માર્ગ હોય તેમજ કામરેજ અને ભરૂચ જેવા વિસ્તારનાં ધોરીમાર્ગ પર વરસાદ સમય ભારે ટ્રાફિક રહેતો હોય ત્યારે આ બ્રિજ માર્ગે થઈ ટ્રાફિકની અગવડ પડતી ન હતી. રિપેરિંગ કામ યુદ્ધનાં ધોરણે કરવાની જગ્યાએ ખૂબજ ધીમી ગતિએ કરાય રહ્યું છે. હાલ બ્રિજ બંધ થતાં તેની સીધી અસર થર્મલ પાવર સ્ટેશન અને જે.કે.પેપર મિલામાં અવર જવર કરતા વાહનો પર થશે. હાલ તો ભારે વાહનો આ રસ્તા ઉપરથી પસાર ન થાય તે માટે વૈકલ્પિક રોડ તરીકે માંડવીથી કાકરાપાર-તરસાડા-રતનીયા-બેડકુવાદુર-ઉંચામાંળાથી વ્યારા સુધી એન.એચ.૫૬ નો તથા ત્યારબાદ એન.એચ.૫૩નો સોનગઢ સુધી ટ્રાફિક અવર-જવર માટે ઉપયોગ કરવા તંત્રે જાહેરનામું બહાર પાડ્યું છે. સોનગઢથી માંડવી જવા સોનગઢથી ઈન્દુ(વ્યારા) એન.એચ.-૫૩ (૧૯ કિ.મી.) તથા ઈન્દુથી માંડવી (ઊંચામાળા-બેડકુવા-રતનીયા-તરસાડા) એન.એચ.-૫૬ (૨૭ કિ.મી.)નો ચકરાવો કરવો પડશે.

હાલ આ જાહેરનામું તારીખ ૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેવું વહિવટીતંત્રે જણાવ્યુ છે. જોકે, બ્રિજ બંધનો લાંબો સમય અપાયો હોય, તેની સીધી ઔદ્યોગિક એકમ પર અસર થશે.

સ્વચ્છ સર્વેક્ષણમાં ભરૂચ રાજ્ય કક્ષાએ અગાઉ કરતાં પાછળ, અંકલેશ્વરે 13મો રેન્ક મેળવીને બાજી મારી

આમોદે રાજ્ય કક્ષાએ-91, જંબુસરે રાજ્ય કક્ષાએ 58મો રેન્ક મેળવ્યો

ભરૂચઃ નર્મદા કાંઠે આવેલ ભરૂચ સ્વચ્છ સર્વેક્ષણ-2024-25 રાજ્યકક્ષાએ બે વર્ષના આંકડા કરતાં પાછળ જઈને 61મો રેન્ક મેળવ્યો છે. વર્ષ-2023માં ભરૂચ નગર રાજ્યમાં 13મો રેન્ક મેળવ્યો હતો. ભરૂચ નગર સ્વચ્છતામાં કેટલીક બાબતો માટે ભારે અભાવ જોતા નગર પાછલા રેન્ક તરફ ધકેલાયું છે. જો કે રાષ્ટ્રીયકક્ષાએ ભરૂચનો રેન્ક વધતા થોડી રાહત છે. સ્વચ્છ સર્વેક્ષણ-2024-25માં ભરૂચનગર રારાષ્ટ્રીયકક્ષાએ 144 ક્રમાંકે આવ્યો છે. જેમાં શહેર રીપોર્ટ કાર્ડમાં ઘરે ઘરે કચરો સંગ્રહ 71 ટકા, સ્ત્રોત અલગીકરણ- 12 ટકા,ક ચરો ઉત્પન્ન પ્રક્રિયા 99 ટકા, કચરાપેટીઓનું નિવારણ -100 ટકા, રહેણાક વિસ્તારોની સ્વચ્છતાઓ 91 ટકા, બજાર વિસ્તારોની સ્વચ્છતા-100 ટકાનો સમાવેશ થાય છે. જો કે વર્ષ-2023માં ભરૂચ નગર રાષ્ટ્રીયકક્ષાએ 255 ક્રમાંકે હતો. અંકલેશ્વર નગર રાજ્યકક્ષાએ 13માં ક્રમાંકે છે. વર્ષ-2023માં રાજ્યકક્ષાએ 63માં રેન્ક હતો. રાષ્ટ્રીયકક્ષાએ પણ અંકલેશ્વરનો ક્રમાંક 52મો આવ્યો છે. વર્ષ-2023માં રાષ્ટ્રીયકક્ષાએ 2147મો ક્રમાંક હોવાથી રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાએ રેન્કમાં પ્રગતિ કરી છે. જ્યારે આમોદ હાલમાં રાજ્યકક્ષાએ 91માં રેન્કિંગમાં છે. વર્ષ-2023માં રાજ્યકક્ષાએ 56 રેન્ક હતો. જ્યારે રાષ્ટ્રીયકક્ષાએ રેન્ક મેળવવામાં પ્રગતિ કરી હોય હાલમાં 394મો રેન્ક આવ્યો છે. વર્ષ-2023માં 1994 રેન્ક હતો. અને જંબુસરનો રાજ્યકક્ષાએ 58 રેન્ક આવ્યો છે.વર્ષ-2023માં 97 રેન્ક હતો.અને હાલમાં રાષ્ટ્રીય કક્ષાએ 172 રેન્ક આવ્યો છે. જ્યારે અગાઉ વર્ષ-2023માં 2790મો રેન્ક આવ્યો છે.

તવડી પ્રા.શાળામાં વિદ્યાર્થીની ત્રણ આંગળી કપાવાની ઘટનામાં સ્ટાફ સામે વાલીઓની નારાજગી

TPEOની અધૂરી તપાસ! આચાર્ય અને શિક્ષકોનાં નિવેદનો લીધા પણ વાલી અને સરપંચના બાકી

સ્ટાફે દવાખાનાની જગ્યાએ તેના પરિવારને સોંપતા ચાર કલાક બાદ સારવાર થયાનો આક્ષેપ

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયાના તવડી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં બાથરૂમની સફાઇનું કામ વેળાએ માસૂમ વિદ્યાર્થીનાં હાથની ત્રણ આંગળીઓ હેન્ડપંપમાં આવી જતાં કપાઈ જતાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાને ખુબ જ ગંભીરતાથી લેતાં ઝઘડિયા તાલુકા શિક્ષણાધિકારીએ શાળાની મુલાકાતે પહોંચી ગયા હતા. જે બાબતે શાળાનાં આચાર્ય અને શિક્ષકોના નિવેદનો લીધા બાદ ઈજાગ્રસ્ત છાત્ર અને પરિવાર ન મળ્યા ન હતા. વાલીઓના અને ગામના સરપંચની નિવેદનો હજુ બાકી છે. જો કે તેઓને અગત્યની મીટીંગ હોવાથી પરત જતા રહ્યા હતા. ત્રણ દિવસ પહેલાં બાથરૂમની સફાઇની કામગીરી માટે પાણી ભરવા માટે ગયેલાં એક છાત્રની ત્રણ આંગળીઓ પાણી ભરતી વેળા હેન્ડપંપમાં આવી જતાં કપાઇ ગઇ હતી. છાત્રને જ દવાખાને ખસેડવાને બદલે તેને અન્ય વિદ્યાર્થીઓ સાથે ઘરે મોકલી આપ્યો હતો. માતાએ તમામ કામો પડતા મૂકીને લગભગ ચારેક કલાકનો લાંબો ગાળો કાઢીને પ્રતાપનગર બાદ અન્ય હોસ્પીટલે લઇ જતાં સારવાર લીધી હતી. છાત્રાની માતાએ આ મામલે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપી છે.

ઈજાગ્રસ્ત બાળક અને પરિવાર તવડી ગામે ન હોવાથી મળી શકાયું ન હતું: TPEO

ઝઘડિયાનાં TPEO જલ્પા વટાણાવાળાએ ગુરુવારે તવડી પ્રાથમિક શાળામાં પહોંચી ગયા હતા. તેઓએ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે શાળાનાં આચાર્ય, શિક્ષકોના નિવેદનો લીધા હતા. પણ ઈજાગ્રસ્ત બાળક અને પરિવાર તવડી ગામે ન હોવાથી અને ભરૂચ હોવાથી તેઓને મળી શકાયું ન હતું. અને હજુ છાત્રની મળવા જઈશ અને બાકી રહેલા વિગતો મેળવીને તપાસ રીપોર્ટ ઉચ્ચસ્તરે મોકલી અપાશે.

અંકલેશ્વરમાં પ્રતિન ચોકડી વિસ્તારની સ્ટેશનરીની દુકાનમાં આગ લાગી

અંકલેશ્વરઃ અંકલેશ્વરની પ્રતિન ચોકડી વિસ્તારમાં કરણ સ્ટેશનરીની બહાર વીજ વાયરમાં શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી, આગ વધુ વિકરાળ બનતાં ઉપરના માળ સુધી પહોંચી હતી.

આગની જાણ થતાં ડીપીએમસી ફાયર વિભાગના ફાયર ફાયટરો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ ઉપર ગણતરીની મિનિટોમાં કાબૂ મેળવ્યો હતો. જો કે દુકાન બંધ હોવાથી મોટું નુકસાન થતું અટક્યું હતું, પરંતુ આગમાં દુકાન બહાર મુકેલા સામાનને નુકસાન થવા પામ્યું હતું. સદભાગ્યે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

નામ / ઓળખની જાહેર નોટીસ

મારૂં નામ જગજીતકીર નિર્મલજીત રેધાવા છે અને દસ્તાવેજોમાં પણ આ જ નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ મારા એકસપાયર થયેલા પાસપોર્ટમાં મારૂં નામ જગજીતકીર હરમેન્દ્ર સિંહ દુગ્ગલ દર્શાવવામાં આવ્યું છે. તેથી જગજીતકીર નિર્મલજીત રેધાવા અને જગજીતકીર હરમેન્દ્ર સિંહ દુગ્ગલ એક જ વ્યકિત છે અને તે હું છું. મારૂં સાચું નામ જગજીતકીર નિર્મલજીત રેધાવા છે.

સરનામું : ઈ-2/13, ટાવર E-2, R.K કાઉન્ટી રોડ, ભરૂચ-392001. ગુજરાત, ઈન્ડિયા.

Milano MULTIPLEX

બારડોલી

Saiyaara
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Nikita Roy : 12:00pm, 09:30pm

Smurfs : 11:00am, 05:00pm

Sanghavi & Sons - Gujarati 03:00pm

Maalik : 06:00pm

Jurassic world : 02:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

જંબુસરના 2 ગામમાં મનરેગાના કથિત કૌભાંડ મામલે કોંગ્રેસની જનતા રેડ

ભરૂચઃ જંબુસર તાલુકાના વાડ એનીપળા ગામના ગ્રામજનો દ્વારા મળેલી રજૂઆતને પગલે ગુરુવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાની ઉપસ્થિતિમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો દ્વારા જનતા રેડ કરવામાં આવી હતી. જેમાં આગેવાનોએ આક્ષેપ કર્યા હતા કે મૃત્યુ પામેલા લોકોના નામે મનરેગા હેઠળ કામ બતાવાયું છે અને તેમના નામે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે.આ ઉપરાંત જોબકાર્ડ ધારકોને કામ કરતા બતાવી ખોટા ખાતામાં રકમ જમા થઈ અને કેશ/ગુગલ પે દ્વારા સરપંચ અને તલાટીએ પૈસા ઉપાડી લીધા હોવાના આક્ષેપ કરાયા છે. સાથે કોંગ્રેસનાં આગેવાનો ગ્રામ પંચાયત પહોંચતાં તલાટી અને સરપંચ તાળું મારી સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ દ્વારા જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૯૭/૨૦૨૫
તા.૧૬/૦૬/૨૦૨૫

વાદી :- ઝૈબુન્નીશા અહમદ ઈસ્માઇલ મોમલા, રહે.તડકેશ્વર, ઇંગાર ફળિયું, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઝૈબુન્નીશા અહમદ ઈસ્માઇલ મોમલા, રહે.તડકેશ્વર, ઇંગાર ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના પોતે ઝૈબુન્નીશા અહમદ ઈસ્માઇલ મોમલાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નોંધણી વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઝૈબુન્નીશા અહમદ ઈસ્માઇલ મોમલા ૨. જન્મ તારીખ: ૦૨/૦૮/૧૯૬૭ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઝૈબુન્નીશા અહમદ ઈસ્માઇલ મોમલાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૯૮/૨૦૨૫
તા.૧૬/૦૬/૨૦૨૫

વાદી :- પરેશભાઈ રાહજીભાઈ વસાવા, રહે.નવાપરા ફળિયું, મુંજલાવ, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી પરેશભાઈ રાહજીભાઈ વસાવા, રહે. નવાપરા ફળિયું, મુંજલાવ, તા.માંડવી, જી.સુરતએ તેઓના પુત્ર એલીસકુમાર પરેશભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નોંધણી વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: એલીસકુમાર પરેશભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૦૪/૦૪/૨૦૧૯ ૩. જન્મનું સ્થળ: મોજે.મુંજલાવ, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે એલીસકુમાર પરેશભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031 ટેલી : +91 44 4564 4000
ફેક્સ : +91 44 4564 4022

IDFC FIRST Bank

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમितતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૭૨૯૦૭૫૬૩	લોન સામે મિલકત	૧. ધમેન્દ્ર અંબાલાલ મુનજેઠ ૨. અંબાલાલ નાગજીભાઈ મુજેઠ ૩. ઉર્મિલાબેન અંબાલાલ મુરજેઠ	૩૦.૦૬.૨૦૨૫	રૂા.૧,૭૦,૪૮૪.૫૯/-

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન ની મિલકત નં. ૧૬૦, જમીન એરીયાનુ માપ ૬૧૦.૫૦ ચો.ફુટ બિલ્ટઅપ એરીયા નુ માપ ૧૧૪૦ ચો.ફુટ કાર્પેટ એરીયાનું માપ ૧૦૨૬ ચો.ફુટ મોજે ટેલોડ, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અને સબ ડિસ્ટ્રીકટ આમોદ, જીલ્લો ભરૂચ,ગુજરાત ૩૯૨૧૧૦ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ** : અજીતભાનસિંહ ની મિલકત ,**પશ્ચિમ તરફ** :ભરતઉદેસિંગ ની મિલકત,**ઉત્તર તરફ** : ચાલ , **દક્ષિણ તરફ**, : જાહેર રસ્તો.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૮.૦૭.૨૦૨૫
સ્થળ : ભરૂચ

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૨૩/૨૦૨૫
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૭/૦૭/૨૦૨૫

વાદી: રસિલાબેન ગોવિંદભાઈ બોર